શીર્ષક : ટપક સિંચાઇ પધ્ધતિ સાથે માલ્ચિંગથી તરબુચની ખેતી

નામ: લીલાભાઈ રાજશીભાઈ મોઢવાડીયા ગામ: વડાળા તા. પોરબંદર

અભ્યાસ : ૬ ધો. પાસ ઉમર: ૩૩ વર્ષ

જમીન : ૪૦ વિઘા મોબાઈલ નં. : ૯૯૭૯૬૫૮૧૦૯

શ્રી લીલાભાઈ વડાળા ગામના ખુબજ ઉત્સાહી પ્રગતિશીલ ખેડૂત છે. વડાળા ગામ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ માટે દતક લીધેલ ગામ પૈકી હતું, આથી તેઓ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોના સંપર્કમાં છે. પ્રેરણા પ્રવાસ દરમ્યાન ટપક સિચાઈ પધ્ધતિ તથા માલ્ચિંગના ફાયદા જોઈ શ્રી લીલાભાઈએ ટપક સિચાઈ પધ્ધતિ અપનાવી ખેતી કરવાનું નક્કી કર્યું. સામન્ય રીતે તેઓ મગફળીની ખેતી કરતા, પરંતુ ટપક પધ્ધતિ વસાવ્યા બાદ કિયા પાકોનું વાવેતર કરવાથી ઓછા ખર્ચ વધુ વળતર મેળવી શકાય તેનું તાંત્રિક માર્ગદર્શન કે.વી.કે. તથા બાગાયત વિભાગ માંથી મેળવી તેને તરબુચની ખેતી કરવાનું નક્કી કર્યું.

સૌપ્રથમ તેણે ૬ વિઘા વિસ્તરમાં ખરીફ ઋતુમાં તરબુચનું વાવેતર કરી ટપક સિચાઈ પધ્ધતિ તથા કાળા પ્લાસ્ટિકના આચ્છાદન (મલ્ચિંગ) નો ઉપયોગ કરાયો. આ ઋતુમાં તાઇવાન તરબુચ (જાત : અંકુર) નો પાક ફક્ત ૭૫ દિવસમાં લઇ ૬ વિઘા માંથી ૨૫૦૦ કિલોગ્રામ જેટલું ઉત્પાદન મેળવી કુલ ૨.૫ લાખની આવક મેળવી. ત્યારબાદ ફરી ૫ વિઘામાં શિયાળુ ઋતુમાં તરબુચના પાકનું વાવેતર કરી તેમાંથી ૯૦ દિવસમાં તરબૂચનો પાક લઇ ૧૫૦૦ કિલોગ્રામ જેટલું ઉત્પાદન મેળવી એક મણના રૂ. ૨૫૦ થી ૩૦૦ સુધીના ભાવ લઇ રૂ. ૧.૫ લાખનં વળતર મેળવયું. તેમને ફરીથી ચાલુ ઉનાળામાં પણ ૬ વિઘામાં તરબુચનું વાવેતર કરેલ છે. જેનાથી પણ રૂ. ૨.૫ થી ૩.૦ લાખ આવક મળવાની સંભાવના છે. ત્રણેય ઋતુમાં તરબુચના વાવેતર માટે તેણે કોઈ પ્રકારના રસાયણિક ખાતરનો ઉપયોગ કરેલ નથી ફક્ત ૧૦ ટન છાણીયું ખાતર તેમજ ૧.૨૫ ટન પ્રતિ હેકટરે સેન્દ્રિય ખાતરજ આપેલ છે. જે સહીત ત્રણે ઋતુ નો કુલ ખર્ચ રૂ. ૮૫૦૦૦ થયેલ છે. ખર્ચ બાદ કરતા ચોખ્ખો વાર્ષિક નફો રૂ. ૬.૫ લાખ પ્રતિ હેકટરથી પણ વધારે થઇ છે.આ ઉપરાંત તેણે ૨.૫ વિઘા વિસ્તારમાં ટપક સિચાઈ પધ્ધતિથી કરેલાનું પણ વાવેતર કરી નજીવા ખર્ચ રૂ. ૧૪૨૦૦૦ નું વળતર મેળવેલ તેમજ ૧.૫ વિઘામાં રીંગણી પાકમાં ટપક પધ્ધતિના ઉપયોગથી રૂ. ૨૫૦૦૦નુ વળતર મેળવેલ છે. આમ, ગણતરી કરતા ૧૦ વિઘા માંથી ચોખ્ખી આવક રૂ. ૭.૯ લાખથી પણ વધારે થાય છે. પોતાના કુવામાં પાણી ભાભરું હોવા છતાં પણ શ્રી લીલા ભાઈએ પોરબંદર જીલ્લામાં ટપક પધ્ધતિ તથા માલ્ચિંગ ટેકનોલોજી અપનાવી એક નવો પાક તરબુચ અને એ પણ ત્રણે ઋતુમાં સફળ રીતે ઉગાડી તેમાંથી એક સારું વળતર મેળવી દાખલો બેસાડેલ છે.



